Indian Journal of Social Sciences and Literature Studies
ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (Online)
Vol. 5, Issue 1, March 2019

# નિબંધકાર તરીકે ભોળાભાઈ પટેલની વિશિષ્ટતા

**મેહુલકુમાર ડી. પટેલ***

**એ.જે.પી.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કનકપર**

ગુજરાતી પ્રવાસસાહિત્યમાં પ્રદાન કરનાર પ્રવાસી લેખકોમાં શ્રી ભોળાભાઈ પટેલનું નામ અગ્રસ્થાને પોંખાતું રહ્યું છે. એમની 'પ્રવાસી' અને 'નિબંધકાર' તરીકેની આગવી ઓળખ વ્યકિતગત કરતાંય સાહિત્યિક બની ગઈ છે. એમણે ભારતની ભૂમિ પર ઠીક ઠીક ભ્રમણ કર્યું છે અને ભ્રમણ દરમ્યાન નિહાળેલાં સ્થળોનું એમની સૂક્ષ્મ નિરીક્ષણ દષ્ટિએ આલેખન કર્યું છે. જિજ્ઞાસુવૃત્તિને મૌલિક અર્થઘટન દ્વારા એમણે આપેલા તમામ પ્રવાસગ્રંથોમાં–નિબંધોમાં એમની આગવી મુદ્રા ઉપરાંત અંગત સંવેદનાઓ પણ ઉપસતી જણાય છે. પ્રવાસ દરમ્યાન વિવિધ સ્થળોની પ્રકૃતિ, સૌંદર્ય, પ્રાતઃકાળ, મધ્યાહ્ન, સાયંકાળ, રાત્રિ દરમ્યાન બદલતાં પ્રકૃતિના અભિન્ન રૂપો, ઠેર ઠેર ઉભરાતી જનમેદની– આ બધાં દશ્યો લેખક ચિત્તમાં સંવેદના જગાવે છે. પ્રવાસસાહિત્યની શ્રેણીમાં ભોળાભાઈના પુસ્તકોમાં લેખકનું પરિભ્રમણ નહીં પણ સૌંદર્યભ્રમણ વિશેષ ધ્યાનાકર્ષક બની રહે છે. 'વિદિશા' (૧૯૮૦), 'પૂર્વોત્તર'(૧૯૮૧), 'કાંચનજંઘા' (૧૯૮૫), 'રાધે તારા ડુંગરિયા પર (૧૯૮૭), 'દેવોની ઘાટી' (૧૯૮૯), 'દેવતાત્મા હિમાલય' (૧૯૯૦), ''બોલે ઝીણા મોર' (૧૯૯૨), 'શાલભંજિકા' (૧૯૯૨), 'ચૈતર ચમકે ચાંદની' (૧૯૯૬), 'દશ્યાવલી' (૨૦૦૦) અને 'યુરોપ અનુભવ' (૨૦૦૪) એમ અગિયાર પુસ્તકોમાં ભોળાભાઈની નિબંધકાર અને પ્રવાસી લેખકની દષ્ટિના સહૃદયોને અચૂક દર્શન થાય છે. આ તમામ ગ્રંથોમાં આલેખાયેલાં સૌંદર્યની પછવાડે ભોળાભાઈની પરિતૃપ્તિનો પરિતોષ પડઘાય છે. આચાર્ય કાકાસાહેબની જેમ તેમનો પ્રવાસ માત્ર પ્રવાસ જ ન બની રહેતાં તેમાં તેમની આંતર્ચેતનાનો ઊઘાડ પણ પ્રતિઘોષિત થાય છે.

***મેહુલકુમાર ડી. પટેલ,** ગુજરાતી વિભાગ, એ.જે.પી.બી. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, કનકપર
તા.અબડાસા. જિ. કચ્છ 370650

૧૯૮૦માં પ્રગટ થયેલો ભોળાભાઈનો 'વિદિશા' નિબંધસંગ્રહ અગિયાર સ્થળોના પ્રવાસની વિગતોથી રસભર છે. આ ગ્રંથનાં દસ પ્રકરણોમાં પ્રવાસનાં સ્થળો અને અગિયારમાં પ્રકરણમાં લેખકે પોતાના ગામનાં સ્મરણોની વિગતો રજૂ કરી છે. એમાંનાં સ્થળોનું વર્ણન ઐતિહાસિક અને સાંસ્કૃતિક – બંને દષ્ટિએ મૂલ્યવાન છે. એમાં પ્રવાસના દષ્ટિકોણ ઉપરાંત લેખકની અનુભૂતિ પણ ભળી છે. આ નિબંધોનું મૂલ્ય આંકતા ડૉ.દર્શના ધોળકિયા નોંધે છે : " 'વિદિશા'ને તેથી માત્ર પ્રવાસ પુસ્તક નહીં કહી શકાય. કેમ કે અહી જે પ્રવાસનિબંધો છે તેમાં લેખકની અનુભૂતિ સ્થળના કણેકણ સાથે એવી તો ઓતપ્રોત બની ગઈ છે કે, આ નિબંધો નિબંધો મટીને ભાવકના હૃદયના વાસના અધિકારી બન્યા છે. દિવ્યચક્ષુથી થયેલું દર્શન અહી શબ્દસ્થ બન્યું છે."[(૧)] અહીયાં ભોળાભાઈએ આપેલું વિદિશા, ભુવનેશ્વર, માંડુ, ઈમ્ફાલ, જેસલમેર, ચિલિકા, બ્રહ્મા, ખજુરાહો, કાશી, રામેશ્વરમ્‌નું ચિત્ર દર્શનક્ષમ બન્યું છે. સર્જક ચિત્તનું આ સ્થળોનું દર્શનાત્મક વર્ણન ખરેખર આબેહૂબ છે. જેસલમેર જેવા સ્થળના વર્ણનનું સૌંદર્ય લેખકને ભારે આકર્ષી જાય છે. એની ચિત્રાત્મકતા આલેખતા તેઓ નોંધે છે ; "જેસલમેર જોતાં એવું થયું કે જાણે વિરાટ ઊંટ પગ વાળી, ડોકનેય પીઠ ભણી વાળી લઈ બેસી પડયું છે, તે બેસી પડયું છે ઉજ્જડ ઉષર મરુભોમમાં". [('વિદિશા' પૃ.૯૬)]

વિદિશાના પ્રથમ પ્રકરણના આરંભથી ધીમે ધીમે લેખક આપણને પણ સૌંદર્યમાં ઓગાળતા જાય છે. ભુવનેશ્વર, માંડુ, ઈમ્ફાલ પછી જેસલમેરના સુકા–વેરાન રણ વિસ્તારમાં નાખી તરસ્યા કરે છે ને તરત પછી ચિલિકામાં લઈ જઈ પરિતૃપ્તિનો અહેસાસ પણ કરાવે છે. અગિયાર સ્થળોનાં વર્ણનોમાં 'બ્રહ્મા'નું વર્ણન વધુ દાર્શનિક અને આકર્ષક લાગે છે. અંધકારના સમયે પ્રકૃતિનું રૂપ ચિનાબ નદીના તટ પર જે રીતે મોહક લાગે છે એનું વર્ણન કરતાં ભોળાભાઈ નોંધે છે : "રાત પડી ગઈ હતી. અંધારું ઊતરવા લાગે ન લાગે ત્યાં પહાડ પાછળથી નીકળેલા ચંદ્રનું અજવાળું પથરાયું. નીચે ઊંડી ખાઈમાં ચિનાબના વહેવાનો અવાજ કાને આવ્યા કરે. તેની સામે ઢાળ પર ઘર દેખાયાં."[('વિદિશા' પૃ.૧૧૫)] અહી ચિત્રાત્મક અભિવ્યકિતને કારણે વાતાવરણમાં સજીવતા સતત અનુભવાય છે. તો અંધારે આકાશમાં તેજોમય તારલાઓ પણ સૌંદર્યમાં વધારો કરે છે. એનું વર્ણન લેખકની કલમે આ રીતે ઝિલાયું છે : "આકાશ એકદમ ચોખ્ખું હતું. તારાઓ ઝળાંહળાં પ્રગટી ઊઠયા. દ્યુતિવંત, તારાખચિત આ આકાશ, આ અગ્નિ ! અગ્નિના ભડકા વચ્ચે ઝબકી જતા પહાડ."[('વિદિશા' પૃ.૧૩૧)] આ રીતે આલેખાયેલી રાત્રિનું વર્ણન સ્વર્ગ સમાન નગરીનો અનુભવ કરાવે છે. તારાઓના સાન્નિધ્યમાં રાત્રિનો નજારો વધુ રોમાંચિત કરે છે. 'બ્રહ્મા'ની સૌમ્ય સૃષ્ટિનું દર્શન કરાવી ખજુરાહો અને કાશી થઈ 'રામેશ્વરમ્'માં એનું સમાપન થાય છે, કૃતિની બાબતમાં પણ ખરા અર્થમાં અહી જ સુર્યોદય થયેલો જોવા મળે છે પ્રકૃતિનો. "કિમાશ્ચર્યમત્ : પરમ્ ! આ કોણ નીકળી રહ્યું છે શાન્ત જલરાશિ પર ! ના, સાગરદેવ નથી, સૂરજદેવ છે. આસપાસના આછા લાલ પરિસરની વચ્ચે એકદમ લાલબિંબ. જાણે ભાલ પર રિબન બાંધી હોય તેમ ઉપરના ભાગે આડી સળંગ વાદળની પટ્ટી આવી ગઈ હતી." [('વિદિશા' પૃ.૨૦૩)] રામેશ્વરમ્‌ના દર્શનમાત્રથી લેખક ચિત્તની અવસ્થા અહી વધુને વધુ જાગૃત થતી જણાય છે. આ બધાં જ સ્થળોની લગોલગ લેખકને અતિ પ્રિય છે પોતાનું ગામ, કદાચ એથીય વધુ. "તેષાં દિક્ષુ' પોતાના ગામ સાથે જોડાયેલા ભોળાભાઈના સંસ્મરણો ને શહેરમાં સ્થિર થયા પછી એમની સ્મૃતિ નગર સભ્યતામાં પણ પોતાના ગામની સંસ્કૃતિને ઢંઢોળવા મથ્યા કરે છે. એટલે જ આ બધું વારંવાર વાગોળ્યા કરે છે. લેખક કહે છે ; "ત્યાં પેલું તળાવ છે. ચોમાસામાં એ ઉભરાઈ જાય છે અને ઉનાળામાં એ સુકાઈ જાય છે. શિયાળામાં પોતાનામાં વીટળાઈને પડયું રહે છે. એ આંબા તળાવની ઝાંઝરીમાં મારું શૈશવ ખોવાઈ ગયું છે. ત્યાં જાતે લાકડું કાપી ભમરડા ઘડયા છે અને ફેરવ્યા છે, લકટીઓની રમતો રમી છે, ગેડીદડા અને ગિલ્લીદંડા રમ્યા છીએ, બાવળને છાંયડે બેસી બાવળના કાંટા પગેથી કાઢયા છે, નાગડા થઈને નાહ્યા છીએ."[('વિદિશા' પૃ.૨૨૩)] આવી વતનપ્રીતિની ભાવના વારંવાર સર્જક હૃદયમાં દોહરાય છે જેનું અત્યંત હૃદ્ય વર્ણન આ પ્રકરણમાં ભોળાભાઈની કલમમાંથી સરી પડયું છે. 'વિદિશા' પછીના બીજા જ વર્ષે પ્રગટ થયેલ 'પૂર્વોત્તર'

નિબંધસંગ્રહ ભોળાભાઈના ઈશાન ભારતના પ્રવાસનું તાજગીસભર વર્ણન આપે છે. 'પૂર્વોત્તર' માત્ર ઈશાનભારતનું વર્ણન ન બની રહેતાં ઓડિસા–બંગાળની વિગતો સભર પણ પ્રવાસકથા બન્યું છે. અસમ, ત્રિપુરા, મણિપુર, મિઝોરમ, નાગાલેન્ડ, અરૂણાચલ અને મેઘાલય આ સાત સ્થળોનો પ્રવાસ કરવા ધારેલો. પણ ભોળાભાઈ અરૂણાચલ અને મેઘાલય જઈ શકેલા નહીં એટલે એની વિગતો આલેખવાને બદલે ઓડિશા અને કલકત્તાના પ્રવાસવર્ણનો આપી સાત સ્થળોનો સંગ્રહ આપવાનો નિર્ધાર લેખક જાળવી શકયા છે. 'પૂર્વોત્તર'ની પ્રવાસ અંગેની વિગતો રોજનીશી સ્વરૂપમાં અપાયેલી છે. હાવરા એકસપ્રેસમાં  લેખક કલકત્તા જવા નીકળે છે પણ ઘર સાથેના અનુબંધથી જે રીતે દૂર થવાનુ બન્યું એ સંવેદન અહી એમની હિલચાલ પરથી જણાય છે; "ગાડી વેગથી દોડી રહી છે. ગાડીની બારી બહારનું પલપલ પરિવર્તિત વિશ્વ નજરમાં અંકાયે જાય છે. તેમાં ગાડીની સમાંતર દોડયે જતા લાગતા ટેલિગ્રાફના તાર સમયમાં ઊંચાનીચા નીચાઊંચા થતા દેખાયા કરે છે. કલાકોના કલાક આમ ગાડીની બારી પાસે બેસી રહેવું ગમે છે. સાથે વાંચવા લીધેલી ચોપડીઓ, પત્રિકાઓ બાજુમાં પડી રાહ જોયા કરે. ઘરની બારીમાંથી તો રોજ લગભગ એનું એ પરિચિત દશ્ય દેખાયા કરે– નજીકમાં જ બંધાયેલી સોસાયટીનાં મકાન, પણ સદ્દભાગ્યે હજી ખુલ્લું પડી રહેલું એક ખેતર. પેલાં હારબંધ હવામાં ઝૂલતાં લીમડાના ઝાડ, ખેતર પુરું થતાં થલતેજ ડ્રાઈવ–ઈનની વાહનોથી ભરીભરી ગતિવંત સડક, ગ્રીડના થાંભલા અને તેના પર થઈ જતા તાર..... બારી બહાર જોઈએ, મનુષ્યોના એના એ ચહેરા. કાને પડતા એના એ સ્વર. હા, ખેતરનો ચહેરો બદલાયા કરે. તડકામાં, વરસાદમાં, સવારના, સાંજના ઘેટાં ચરે, બકરાં ચરે, કયારેક ઊંટ પણ એ ઊંટ જ્યારે ઉતરતા અંધારામાં પેલી ડ્રાઈવ–ઈન સડક પરથી જતા હોય ત્યારે જે છાયાકાર રચાય તે વિલક્ષણ. એ સમયે દોડી જતી હોય સેંકડો મોટરગાડીઓ ડ્રાઈવ–ઈન તરફ. કેવો તો કોંન્ટ્રાસ્ટ ! એકસાથે જ પેસ્ટોરલ અને અર્બન !"('પૂર્વોત્તર') આવી વર્તમાન સ્થિતિ અને સાંસ્કૃતિક પરંપરાનો લેખકે આલેખ રજૂ કર્યો છે.

ત્રિપુરા, મણિપુર જેવાં સ્થળોના પ્રવાસની વિગતોમાં લેખકની સૂક્ષ્મ નિરીક્ષણ દષ્ટિના દર્શન થાય છે. નાગાલેન્ડમાં આવતાની સાથે કોહિમા નગરનું દશ્ય મંત્રમુગ્ધ લેખકના હૃદયમાંથી આ પ્રકારનું પ્રકૃતિ દર્શન સરી પડે છે ; "......દશમનો ચંદ્ર કોહિમાનગર પર, પછવાડેના પહાડ પર ચાંદની પાથરી રહ્યો છે અને મારામાં બેઠેલા લ્યૂનેટિક (ચંદ્રપ્રેમી)ને બેચેન બનાવી રહ્યો છે. તે એક અનિર્વચનીય મધુર બેચેની છે. જે દૂરથી વહી આવતા કોઈ પહાડી ગીતના સૂરથી વધતી જાય છે. ધીરે ધીરે એ સૂર સમી જાય છે અને કયાંકથી ગીટારની ધૂન સંભળાય છે, સંગીત–અપટુ, મારા કાનનેય એ પશ્ચિમી સૂર છે એ પરખાઈ જાય છે. સ્તબ્ધતામાં એ ગીટારના સૂર રહી રહીને આવે છે. કેવું તો થાય છે મનમાં ! કોઈ પોતાના પ્રિયજનને આરાધી રહ્યું છે. આ સ્તબ્ધ રાત્રિએ ? કોણ પોતાની વ્યથા વહાવી રહ્યું છે ! નગર આખું જાણે ઊંઘે છે. ઠંડી જ્યોતિ પ્રગટાવતા દિવાઓ જાગી રહ્યા છે. ઝાકુ પહાડ પર વાદળ છે, એ પણ ચાંદનીથી રસાયેલું છે. એક તારો પહાડના ભાલ પર તિલકની જેમ ચમકી રહ્યો છે. કૂતરાં ભસવાનો અવાજ બહુ દૂરથી આવે છે." (પૂર્વોત્તર) આવા પ્રકૃતિના રમણીય આલેખનો આ સંગ્રહમાં ઠેરઠેર પથરાયેલાં જોવા મળે છે. અસમના સાંસ્કૃતિક, ધાર્મિક પરિવેશ, મંદિરો, અસમિયા સાહિત્ય વિશેની વિગતો પણ ભોળાભાઈએ અસમના પ્રદેશમાં વિહાર કરતાં નોંધી છે. 'પૂર્વોત્તર' પછીના ચોથા વર્ષે ૧૯૮૫માં લેખકનો 'કાંચનજંઘા' સંગ્રહ બહાર આવે છે. આ બધા નિબંધોમાં ભોળાભાઈની સૌંદર્યદષ્ટિ ઊઘડે, મહોરે અને વિકસે છે – સૌંદર્યધર્મી લેખોમાં. આ સંગ્રહમાં ગિરિશિખરો, જળપ્રવાહ, ફૂલો અને સ્થળો વિશેના નિબંધો એમણે આપ્યા છે. જેમાં 'કાંચનજંઘા અને સૌંદર્યપ્રણાશ'; ગિરિશિખરોનું, 'માનસ', 'માંગુલી', 'રેવાને તીરે','ગંગાસાગર' અને 'જળ અને અંધકાર'માં જળપ્રવાહનું, 'ગિરિમલ્લિકા', 'સપ્તપર્ણ', 'સાતભાઈ ચંપા' અને આ ફુલનું નામ શું ?'માં ફૂલોની વિગતો તથા 'સાંચી', 'મુમૂર્ષ નાયિકા' અને 'માઝુલી'માં સ્થળ વિશેનું સૌંદર્ય ઝિલાયું છે. 'કાંચનજંઘા' શિખરની વિગતો વધુ આકર્ષક લાગે છે. અહી નોંધવા જેવી બાબતમાં લેખક કહે છે; "કયારેક ધુમ્મસનું અંતરપટ ખસે, આસપાસનાં પર્વતો, વૃક્ષો, ઘરો, રસ્તા

પ્રકટી ઉઠે. પણ તોય ત્યાં દૂરની કાંચનજંઘાની ગિરિમાળા વાદળોથી ઢંકાયેલી હોય. કાંચનજંઘાએ જ અમને દર્શન આપવા ધાર્યું નથી."('કાંચનજંઘા, પૃ.૫) કાંચનજંઘાના દર્શનની તત્પરતા હોવા છતાં ધુમ્મસના કારણે એનું દર્શન અલભ્ય બને છે પણ હિમાલય જેનું નામ. લેખકની દાર્શનિક દષ્ટિને ખુદ હિમાલય પણ માર્ગ મોકળો કરી આપે એમ કહી એ વર્ણનને આગળ વધારતાં લેખક નોંધે છે ; "ધુમ્મસનું આવરણ હટતું લાગ્યું અને થોડીક ક્ષણોમાં સામે કાંચનજંઘાની તુષારમંડિત આખી પર્વતશ્રેણી ઝબકી રહી. અદ્‌ભૂત !"( 'કાંચનજંઘા, પૃ.૭) અહી પણ હિમાલય પ્રત્યેની લેખકની શ્રદ્ધા અને હિમાલય પણ શ્રદ્ધાવાનો, ધીરજવાનોની સામે જ પોતાની દાર્શનિકતા ખોલી આપે છે એનું લેખક પ્રત્યક્ષીકરણ કરાવે છે.'આરણ્યક'ના સર્જક વિભૂતિભૂષણ બંદોપાધ્યાયે ઉચિત રીતે જણાવ્યું છે તેમ, પ્રકૃતિ ઈચ્છે તેના સમક્ષ જ પોતાનું સૌંદર્ય ઉદ્‌ઘાટિત કરતી હોય છે.

'ઘર', 'વરસાદ' અને 'રઢિયાળી રાત' જેવા નિબંધોમાં આપણી સંસ્કૃતિ ને સંસ્કાર જીવનની છબીના દર્શન થાય છે. 'ઘર'માં જૂનું ઘર વેંચવા કાઢવાના વિચારમાંથી પાછા વળવું અને મકાન ન વેંચવાના નિર્ણયથી ભાવવિભોર બનેલી માતાના મુખનું વર્ણન કરતાં લેખક નોંધે છે : "વરસાદ પછી ખૂલેલા આકાશ જેવું બાનું મોઢું જોઈને જાણે જીરણ ઘર હસી રહ્યું હતું. અદષ્ટ ગૃહદેવતાની પ્રસન્નતાનો સૌને સ્પર્શ થયો હતો."( 'કાંચનજંઘા, પૃ.૮૧) તો 'રઢિયાળી રાત'માં પ્રગટ થતું ભોળાભાઈના સોજા ગામનું આ સંસ્કાર જીવન પણ ગ્રામ્ય સંસ્કૃતિને ખડી કરે છે ; "આસો મહિનો એટલે અમારે ત્યાં એક બાજુ ખેતરમાં કાપણી અને લણણીની મોસમ અને બીજી બાજુ આ વેરાઈ માતાના ગરબાની તૈયારીના દિવસ. ગરબા એટલે ગામ આખાનો તહેવાર. ગરીબ તવંગર સૌ એમાં જોડાય. કોઈ અભાગિયો જ આઘો રહે."('કાંચનજંઘા, પૃ.૮૪) કાંચનજંઘાના નિબંધોમાં ભાષામાં પણ સંસ્કૃત તત્સમ પદાવલિ તથા બંગાળી ભાષાની છાંટનો અનુભવ સુપેરે થતો રહે છે. ૧૯૮૫ પછી છેક ત્રીજે વર્ષે ભોળાભાઈનું ભ્રમણવૃત પુસ્તક 'રાધે તારા ડુંગરિયા પર' ૧૯૮૭માં પ્રગટ થાય છે. વિવેચકો દ્વારા ઉપેક્ષા પામેલું ને પ્રગટ થયા પછીના સાત સાત વર્ષ સુધી જેની નોંધ જ ન લેવાઈ હોય એવું આ પુસ્તક કમનસીબ કૃતિ પણ ગણી શકાય છે. પ્રસાદ બ્રહ્મભટ્ટે એને 'સાંસ્કૃતિક ઐકયની કલાયાત્રા' કહી જાણે આગળના વર્ષોમાં ન લેવાયેલી નોંધનું ભરણું કરી આપ્યું હોય એ રીતે નવાજી છે. સાત ખંડોમાં વિભાજિત લેખકના ભારતભરમાં સાત ભાગોમાં થયેલાં ભ્રમણ છે. 'વૃંદાવન છે રૂડું' આ પુસ્તકનું પ્રથમ પ્રકરણ છે. જેમાં ભોળાભાઈએ અજ્ઞેયજી સાથે વૃંદાવનની કરેલી યાત્રાનો ચિતાર આપ્યો છે. પુસ્તકમાં લેખકે શ્રદ્ધા કેન્દ્રોની – તીર્થસ્થળોની સાથે સંકળાયેલી કથાઓ, દંતકથાઓની વિગતો પણ આપી છે. કોણાર્કના સૂર્યમંદિર અને ઈલોરાના કૈલાસમંદિરની અભિવ્યકિતમાં સૌદર્યભાવનાના આપણને દર્શન થાય છે. ધર્માનુભવ કરતાંય કલાનુભવ કઈ રીતે જુદો પડે છે એ આ નિબંધોમાં જોઈ શકાય છે. ભોળાભાઈ સૌંદર્યપ્રેમીની સાથોસાથ પ્રકૃતિપ્રેમી પણ છે. અનેક સ્થળોના પ્રકૃતિરૂપો અહી કંડારાયા છે. કામરુદેશના લેન્ડસ્કેપનું આ વર્ણન ; "બંગલાની ઉત્તર તરફની ગૅલેરીમાં આવીને ઊભા તો સામે એકદમ ગાઢ વનરાજિથી આચ્છાદિત પૂર્વી હિમાલયની ગિરિમાળા, નીચે અરણ્ય અને અરણ્ય વચ્ચે વહી જતી માનસ નદી ! માનસના સૌંદર્યલોકનું એક અદ્‌ભુત સંમોહક દશ્ય. અમે જોતા જ રહી ગયા ! સૌંદર્યદર્શનની એકસ્ટસીની ક્ષણો જીવનમાં આવી ઓછી જ આવતી હોય છે. અહી માત્ર શેકસપિયરના શબ્દો જ કામ લાગશે – વન્ડરફુલ ! વન્ડરફુલ ! એન્ડ યેટ વન્ડરફુલ !"('રાધે તારા ડુંગરિયા પર' પૃ.૭૫) અહીયા આ સંગ્રહમાં ભોળાભાઈની શૈલી પ્રવાહી અને પ્રાસાદિક જણાય છે. અંગત એવા લલિત નિબંધોની જેમ સર્જકની ઉપસ્થિતિ અનુભવાય છે. આવું જ સૌંદર્યદર્શન આપણને 'દેવોની ઘાટી'માં થાય છે. સિમલા, કુલુ–મનાલીથી માંડીને કેરળ–કર્ણાટકની પ્રવાસકથાની વાત લેખકે માંડીને કરી છે. આ પુસ્તકમાં સિમલા–કુલુ–મનાલીનું પ્રવાસીસૌંદર્ય ડાયરીરૂપે તથા કેરળ–કર્ણાટકની યાત્રા પત્રમાળા રૂપે લભ્ય બને છે.

સાંજ અને રાત્રિના સમયે શાંત વાતાવરણમાં અનુભવાતો પ્રકૃતિનો સહવાસ અને પહાડની સ્તબ્ધતાનું દશ્ય અલૌકિક આનંદલોકનો વિહાર કરાવી જાય છે ; "હવે સાંજ પડી ગઈ છે. એક વળાંક પર પસાર થતી ગાડીનો વળાંક કાવ્યાત્મક લાગે છે. બાજુમાં સ્તબ્ધ પહાડ છે. પહાડી માર્ગ પર એક યુગલ ધીરે ધીરે જઈ રહ્યું છે. એક નીરવ શાંતિનો ચિત્તમાં અનુભવ કરું છું." ('દેવોની ઘાટી'પૃ.૧૫૨) તો વળી રાત્રિના સમયનું આ દશ્ય પણ જુઓ ; "એકદમ શાંત, નિભ્રત ઈમારત. સામેની લીલીછમ હરિયાળી પર સાંજનો નરમ તડકો પથરાયો હતો. અમે સૌ મિત્રો થોડીવાર ઘાસમાં બેઠા. મારી નજર તો આ વિશાળ ઈમારત અને આજુબાજુની પહાડીઓમાં ફરતી રહી..... ડિનર પછી ફરી ખુલ્લા ઘાસ પર આવ્યા, તો ઠંડી ઊતરી પડી હતી. પણ તારા મઢયા આકાશ ભણી નજર કર્યા સિવાય રહી શકાયું નહિ. વૃશ્ચિક અને સપ્તર્ષિ સ્પષ્ટ દેખાતા હતા.... ('દેવોની ઘાટી'પૃ.૧૩) આવી ઢળતી સાંજ અને રાત્રિના નજારાને ચોરી લેખકે પ્રકૃતિનો સહવાસ માણ્યો છે. આ બધામાં પણ ભોળાભાઈને સૌથી વધુ આકર્ષતો રહ્યો હોય અને નિબંધકારની અનન્ય વિશિષ્ટતા જેમાંથી તારવી શકાય એ છે એમનાં હિમાલયના વર્ણનો. 'વિદિશા', 'કાંચનજંઘા' પછી 'દેવતાત્મા હિમાલય' હિમાલય વિશેનું ૧૯૯૦માં પ્રગટ થયેલું ત્રીજું પુસ્તક છે. આ પુસ્તકમાં હિમાલયની ભકિતભાવપૂર્વકની આરાધના માનવચિત્તને આકર્ષે છે. ભકિતમાં લીન કરી મુકે છે. જેમાં સૌંદર્યની તાજગીનો અનુભવ શબ્દે શબ્દે થતો રહે છે. શીર્ષક અનુસારની પ્રકરણ પણ અહીં સમાવિશષ્ટ છે. બે ખંડમાં વિભાજિત 'દેવતાત્મા હિમાલય'ના પ્રથમ ખંડમાં 'દેવતાત્મા હિમાલય' તળે ત્રણ પ્રકરણો અને બીજા ખંડમાં 'ભુવન મનમોહિની' તળે ચૌદ પ્રકરણો આ ગ્રંથમાં સમાવાયાં છે. પ્રથમ ખંડમાં 'અસ્તિ ભાગીરથી તીરે', 'દેવતાત્મા હિમાલય', 'અમૃત કુંભની શોધમાં' એ ત્રણેય લેખમાં હિમાલયનું સાન્નિધ્ય વર્તાય છે. જ્યારે બીજા ખંડમાં પ્રકૃતિ, મંદિર વિશેના લેખો મુકવામાં આવ્યા છે. જેમાં આબુ, ગીરનાર, ધૂમલી, ચંદીગઢ, જયપુર, કંન્હેરીની ગુફાઓ જેવાં સ્થળોના પ્રવાસના વર્ણનો છે. છેલ્લા પ્રકરણમાં ઉમાશંકરના ગામ બામણાના વર્ણનની વિગતો રસળતી શૈલીમાં લેખકે આલેખી છે. ભોળાભાઈની સૌંદર્યદષ્ટિના દર્શન કરાવતાં આ પુસ્તકમાં ભવ્યતા અને સુંદરતાનો સુભગ સમન્વય જોવા મળે છે. વર્ણનોમાં જોવા મળતી સજીવતા અને લેખકનું આઘ્યાત્મિક વલણ આપણને હિમાલયની નજીક લઈ જાય છે. પ્રથમ પ્રકરણમાં હરદ્વારનો મહિમા જે રીતે લેખકે રજૂ કર્યો છે તેનાથી વ્યકિત સ્વયંને હિમાલયની ગોદમાં, ગંગાને કિનારે જ હોવાપણાની અનુભૂતિ થાય છે, અલબત્ત તે અનુભૂતિ લેખક કરાવે છે. 'અસ્તિ ભાગીરથીને તીરે....' માં હરદ્વારના વર્ણનમાં ટુંકા સરળ વાકયો દ્વારા એનું સમગ્ર વર્ણન થયું છે.

હરિદ્વાર એટલે હિમાલય અને ગંગા. હરદ્વારમાં આવ્યા પછી લેખક સતત ગંગાજીના દર્શન માટે વ્યાકુળ રહે છે. ગંગાના જુદાં જુદાં સ્વરૂપોનો પણ એમણે પરિચય કરાવ્યો છે. ગંગાજીની પૂજા કરવી એટલે દીપદાન કરવું, ગંગાના પ્રવાહમાં દીવાઓ વહેતા મૂકવા. એનું ચિત્ર ને ધર્મ સાથે જોડાયેલી શ્રદ્ધાની વાત મૂકતાં લેખક નોંધે છે : "ગંગામાં આ દીપદાન એ જ તો ગંગાની પૂજા. હર કી પૈડીનું આ સનાતન કાવ્ય છે. પેઢી દર પેઢી અસંખ્ય યાત્રિકો આવતા ગયા છે અને દીપ વહાવતા રહ્યા છે. ગંગાની ધારા વહેતી રહેશે ત્યાં સુધી હર સંઘ્યાટાણે આ દીવા પણ પ્રકટતા રહેશે. એ હિન્દુ ધર્મની શ્રદ્ધાના દીવા છે." ('દેવતાત્મા હિમાલય',પૃ.૧૦-૧૧) તો દીવા મૂકવાની આ શ્રદ્ધા સાથે આરતી સમયનો નજારો પણ દર્શનીય લાગે છે. આરતીટાણાંનું આ દશ્ય રાત્રિની દીપજ્યોતિથી ખીલેલી પ્રકૃતિની શોભાને રોશનીમાં ફેરવી નાખે છે અને એની સાથે ભકતોના હૃદય લીન બની જાય છે. આરતી સમયની લેખકની આ નોંધ પણ વિશેષ ભકિતભાવપૂર્વક આલેખાઈ છે ; "આરતીની જ્યોતો એકબીજામાં ભળી એક ઊંચી દીપશિખા બની જતી હતી. પાણીના પ્રવાહમાં એ દીપશીખાઓનું નર્તન, ઘંટનાદનું ગુંજન અને યાત્રિકોનો સસ્વર આરતી પાઠ એક ભવ્ય વાતાવરણ સર્જતા હતા. આ વખતે અહીં ઉભેલાં સૌ સાચેસાચ એક તાર બની ગયાં હતાં. એવું લાગ્યું કે ભાગીરથી કંઈ નહી તો આ ક્ષણો પૂરતી તો સૌના હૃદયમાં વહી રહી છે." ('દેવતાત્મા હિમાલય',પૃ.૧૧)

કયારેક પ્રકૃતિના સૌંદર્યનો અનુભવ તો કયારેક ભાવજગતના અનુભવોનો સંગમ સહજ રીતે થાય છે. કેદારપુરીમાં ફરતાં લેખકને પોતે પૃથ્વીલોકની અગાસીમાં ફરતા હોવાનો અનુભવ થાય છે. એટલે જ હિમાલયના બરફાચ્છિદિત શિખરો જોઈ લેખક બોલી ઉઠે છે ; "આવી હિમશ્વેત અગાસી આપણને વિસ્મયવિમૂઢ કરે છે, અબોલ કરે છે. ઉપરનું અનંત અને અવ્યાહત આકાશ અને એને અડકીને રહેલી આ અનંત હિમરાશિ આપણને વિરાટના સાન્નિધ્યમાં મૂકી દે છે." ('દેવતાત્મા હિમાલય',પૃ.૫૭) આવી ઈશ્વરના સાન્નિધ્યની અનુભૂતિ કરતા લેખકનો પ્રવાસ બાજુએ રહી જાય છે ને હિમાલયની સૌંદર્યધારાઓ એમને લીન કરી મૂકે છે.

'દેવતાત્મા હિમાલય'ના પ્રારંભિક ત્રણેક પ્રકરણોમાં હિમાલયનું સૌંદર્યદર્શન મિશ્રિત છે. કયારેક સૌંદર્યમાં સજીવતાનું નિરૂપણ ઝળકે છે, તો કયારેક શ્રદ્ધા સાથે સંસ્કૃતિ ને અધ્યાત્મનો સુમેળ રચાયો છે, તો શ્રદ્ધાળુઓના ટોળાઓમાંથી ગંગાનો પ્રભાવ પણ કયાંક સ્પષ્ટ વર્તાય છે અને અંતે આ સર્વેમાં સૌંદર્યનું દર્શન કોઈને કોઈ રીતે આપણને થતું રહે છે. હિમાલય પરત્વે કે ગંગા અને અન્ય સ્થળો પ્રત્યે ધાર્મિક પ્રજાજનોને શ્રદ્ધા છે. આ શ્રદ્ધાનું ભાવુક દશ્ય નોંધવાનું પણ લેખક ચૂકયા નથી. ગંગામૈયા તરફ જતાં અસંખ્ય યાત્રાળુઓની હારબંધ લાઈનો જે આદિ સમયથી સતત ચાલતી જ રહી છે ને એમાં સતત વધારો થતો રહ્યો છે. શ્રદ્ધા–આસ્થાનો જે સૂમેળ અહીં રચાયો છે એનું ચિત્રણ પણ ઘણું બધું સૂચવી જાય છે ; "અનેક જાત્રાળુઓની હાર ગંગામૈયા ભણી જઈ રહી હતી. એ દરેક સૌ પોતપોતાની ભાવનાથી ચાલી રહ્યાં છે. હજારો વર્ષોથી ગંગોન્મુખ બનીને યાત્રીઓ ચાલતા રહ્યાં છે, ભવિષ્યમાં ચાલશે. એ બધાની ભાવનાઓ અહીંના વાયુમંડળમાં પૂંજીભૂત થાય છે અને અહી આવતા દરેક યાત્રીને એનો સ્પર્શ થાય છે. એ પણ પેલા પૂંજમાં પોતાની ભાવનાઓ ઉમેરતો જાય છે. એ રીતે એ ભૂતકાળ સાથે જોડાય છે અને ભવિષ્યકાળ સાથે પણ." ('દેવતાત્મા હિમાલય',પૃ.૩૫) લેખકને ગંગામૈયાના સાન્નિધ્યમાં થયેલું આવું તત્ત્વદર્શન રસિક લાગે છે. શ્રદ્ધાનો પ્રવાહ કેટલો પ્રબળ ને ઉભરતો હોય છે એની પ્રતીતિ કરાવી જાય છે.

ભારતીય સંસ્કૃતિ સાથે હિમાલયનો વર્ષો પુરાણો અનુબંધ છે. કાકાસાહેબે હિમાલયને સંસ્કૃતિના પ્રતીક તરીકે ઓળખાવી તમામ બાબતોના સમાધાન કરાવી જ આપ્યાં છે તેમ છતાં લેખકોને હિમાલયની સંસ્કૃતિનું પ્રતિબિંબ ચમત્કૃતિની જેમ પુરાણની કથાઓમાં લઈ જાય છે. અહી પણ કેટલીય જગ્યાએ એવું વર્ણન જોવા મળે છે. ગંગાનો હિંદુ સંસ્કૃતિ સાથે જે અજોડ ને આદિકાળથી નાતો છે એ વાત નોંધનીય બની જાય છે ; "ગંગા માત્ર નદી નથી, હિન્દુ સંસ્કૃતિનું હૃદય છે. એટલા માટે તો એનો એટલો મહિમા છે." ('દેવતાત્મા હિમાલય',પૃ.૪૭) તો વળી, ગંગાની આરતીમાં સમાયેલી હિન્દુ સંસ્કૃતિને લેખક આ રીતે પ્રમાણે છે : "ગંગાની આરતીની આ ક્ષણોમાં એવું લાગતું હતું કે, સૌ યાત્રિકોની ચેતનામાં એકમાત્ર ગંગા વહી રહી છે. 'એકતા કા પ્રતીક કુંભમેલા' સૂત્રને નવા અર્થમાં પ્રમાણ્યું. ભીડમાં ભીડ બનીને ઊભો હતો. લાગ્યું આખો દેશ, હિન્દુ સંસ્કૃતિમાં હજારો વર્ષ અહીં હાજર છે, આ ક્ષણે. ગંગા નામમાં એવો તો શો જાદુ છે ?" ('દેવતાત્મા હિમાલય',પૃ.૯૧) આવી ભારતીય સંસ્કૃતિની સાથે જોડાયેલી ધાર્મિક ભાવનાને પણ ઉજાગર કરવાનો પ્રયાસ લેખકે કર્યો છે. હિમાલયનું સૌંદર્ય તમામ સર્જકોને આકર્ષતું રહ્યું છે, તો પ્રકૃતિ સાથે અનુબંધ ધરાવતા હિમાલયનું સૌંદર્ય સર્જક કલમે રોમરોમમાં જાણે ઝળકતું હોય એવું તેજોમય લાગે છે. આવા ભવ્યાતિભવ્ય ગિરિશિખરોની શોભા સાચે જ દર્શનપ્રિય લાગે છે. આ ઉદાહરણ એની સાક્ષીનું સૂચક બની રહે છે ; "પૂર્વના પર્વત શિખરો જાણે સાદ પાડી રહ્યા છે. સૂર્ય પણ જાણે એક શિખરને ખભે ચડી સમગ્ર પર્વતશ્રેણી અને ભાગીરથીની ઘાટીને પોતાના તડકાથી રસી રહ્યો છે. પરંતુ જમણે હાથે ભાગીરથીની પેલે પાર દક્ષિણે એક શ્વેત પર્વત આછા સંચરમાણ ધુમ્મસમાં વીંટળાયેલો છે. એક રહસ્યાવૃત્ત ભવ્યતાનો અનુભવ કરાવે છે. કોમળ તડકો એ રહસ્યને હજી ભેદી શકયો નહોતો. પણ એ કોમળ તડકામાં પંખીઓનો કલનિનાદ ભાગીરથીના ગર્જન વચ્ચે પણ સાંભળી શકાતો હતો. ઊંચા ઊંચા દેવદારુનાં પર્ણો વચ્ચેથી ચળાઈને એ તડકો અમારા માર્ગ પર પડતો હતો." ('દેવતાત્મા


ISSN 2349-5634 (Print) ISSN 2455-0973 (Online)
Vol. 5, Issue 1, March 2019

હિમાલય',પૃ.૪૧) તો વળી આગળ વધતા ભાગીરથીના પ્રવાહ ઉપર બંધાયેલા પુલ પરથી આસપાસના ગિરિશૃંગો જે રીતે શોભાયમાન જણાય છે તેનું વર્ણન અહીં આ રીતે થયું છે ; "ધીમે ધીમે તડકો પ્રતાપી બનતો ગયો. ઊંચે નજર કરી તો ભૂરું ભૂરું આકાશ. આસપાસ નજર જાય ત્યાં તો બરફાચ્છાદિત શ્વેત શિખરો. ભવ્યતા, દિવ્યતા અને સુંદરતાનો અદ્દભૂત સમન્વય અહીં છે." ('દેવતાત્મા હિમાલય',પૃ.૪૨–૪૩) લેખકની કાવ્યાત્મક શૈલીની વચ્ચે ઊભરતી સુંદરતાના અહીં સુપેરે દર્શન થાય છે. તો સાથે અલંકારિતા પણ ભળી જાય છે. આગળ વધતાં હિમાલયની ગોદમાં લેખકનું ચિત્ત આસપાસની પ્રકૃત્તિ અને હિમાલયની દિવ્યતા અનુભવે છે. યોગી હિમાલયની સાથે તાદાત્મ્ય સધાતાં, હિમાલયના સ્થાનોમાં વિહાર કરતાં, એના સ્થળો પર વિરામ લેતાં અનન્ય ચેતાનાનો સંચાર થાય છે. આપણી મનુષ્યગત્ ચેતનાનો જાણે પરમાત્મા સાથે અનુબંધ જોડાય છે.

હિમાલયનો પ્રદેશ અધ્યાત્મિક સાધનાનું કેન્દ્ર ભલે હોય પણ ભાગીરથીના કિનારાનો સ્પર્શમાત્ર આધ્યાત્મિક મનોજગત કરતાંય વિશિષ્ટ આનંદમયી છે. આ બાબતની નોંધ લેતાં લેખક જણાવે છે ; "આકાશ ખુલ્લું હોય તો પહાડો વચ્ચે ઊગતી સવાર અત્યંત ખુશનુમા બની રહે છે. તેમાં આ બરફથી આચ્છાદિત શિખરોવાળા હિમાલયના પહાડ અને એ પહાડો વચ્ચે વહેતી ભાગીરથી છે. આપણી આંતરબાહ્ય ચેતના પ્રસન્નતા અનુભવી રહે છે. એ પ્રસન્નતા આધ્યાત્મિકતાથી કદાચ સહેજ જ ન્યૂન હશે." ('દેવતાત્મા હિમાલય',પૃ.૪૦) આવો વિચાર કદાચ ભાગરથીના તટ પર ભોળાભાઈની સાધના સાથે એ ધરતીના પ્રભાવનો સુમેળ થતો જ હોય એવું લાગે છે. સૌંદર્યનાં વર્ણનો 'દેવતાત્મા હિમાલય'માં અસંખ્ય જોવા મળે છે. ક્યાંક સૌંદર્યની સાથે ભવ્યતા, તો ક્યાંક સંસ્કૃતિ, તો ક્યાંક અધ્યાત્મ ભળી જતું હોય એવું લાગે છે. ગિરિશિખરો, નદીઓ, પૂજા–આરતીના સાંધ્યદર્શનો, લોકોના આસ્થાયુક્ત ટોળાંઓ, પુરાણકથાઓ, સ્થળોનું મહાત્મ્ય આ બધું જ એકરૂપ થઈને સામે આવે છે ને હિમાલયની શોભાવૃદ્ધિમાં અતિ ને અતિ વધારો થતો રહે છે. આ ઉપરાંત આપણે અગાઉ નોંધ્યું તેમ, આ પુસ્તક સૌંદર્યની ઉપાસનાનો ગ્રંથ બની રહે છે. સૌંદર્યનું પાન ને ગાન અહીં અનુભવાય છે. લેખકે હિમાલયના તમામ સ્થળોમાં જે રીતે સૌંદર્યરસ પીધો છે એ જ ભાવે અહીં આલેખાયો છે. વર્ણનોમાં પસાર થતાં હિમાલયનો સાક્ષાત્કાર થઈ જાય છે. પ્રકૃતિના સૌંદર્યયુક્ત વર્ણનોમાં સુગંધનો, તો બરફ આચ્છાદિત શિખરોના વર્ણનોમાં ટાઢકનો અનુભવ પણ ચોક્કસ થાય છે. અન્ય બંને હિમાલયની વિગતો આલેખતાં પુસ્તકોની માફક 'દેવતાત્મા હિમાલય'માં થયેલું હિમાલયનું ગાન ભારતભૂમિના સંસ્કૃતિ જગતને મૂર્ત કરી આપે છે. હિમશિખરોમાં થતું પરમાત્માનું દર્શન, યાત્રિકોની ભકિત, ભાગીરથીનો ખળખળ વહેતો પ્રવાહ અને એમાંથી ઉત્પન્ન થતો મધુર ધ્વનિ, પંખીઓની સૂર્ય તથા તેજોમય સૂર્યમાં ચમકતી હિમશિખરોની શોભા– આ સર્વે અનુભવનો અધ્યાત્મભાવ પ્રવાસીઓને હિમાલય યાત્રા કરવા આકર્ષે છે. આ યાત્રા પુસ્તક પછી ૧૯૯૨માં ભોળાભાઈના બે નિબંધસંગ્રહો– લલિત નિબંધોના સંગ્રહ મળે છે : 'બોલે ઝીણા મોર' અને 'શાલભંજિકા'. અનુક્રમે પ્રથમમાં બત્રીસ અને બીજામાં ચોવીસ નિબંધોને આવરી લેવાયા છે. 'બોલે ઝીણા મોર'ના નિબંધો ઘણુંખરું વર્તમાનપત્રો નિમિત્તે લખાયા છે. જેમાં ક્યાંક પ્રાકૃતિક સૌંદર્ય છે, ક્યાંક સાહિત્યિક સૌંદર્ય છે તો ક્યાંક લેખકને સ્પર્શી ગયેલાં નાટક કે ફિલ્મની વાત છે. આ સંગ્રહ આરંભે જ ભોળાભાઈનું આ કથન નિબંધો માટેની પ્રાસ્તાવિક નોંધ બની રહે છે; "ક્યારેક કોઈ પુસ્તક, કોઈ કવિતા, કોઈ કથા, કોઈ ફિલ્મ, કોઈ ગાન, રસ્તાની ધારે ખીલી ઉઠેલું ઝાડ, કોઈ નમણો ચહેરો ને કશુંક આવું બધું મનને ઝંકૃત કરી દે છે. ક્યારેક ધીરે ધીરે ઉગતી સવાર અને ધીરે ધીરે આથમતી એકાંત સાંજ, ક્યારેક ચાંદનીથી સ્નાત પાછલી રાત્રિના ચૂપચાપ પહોર આહ્લાદની અનાયાસ ક્ષણો લાવે છે. ક્યારેક કોઈ સ્મરણ, કોઈ નિભૃત વાર્તાલાપ, કોઈ સર્જક ચેતનાની સંનિધિ ભીતરને ભરી દે છે. આ નિબંધોમાં આવી બધી ગંભીર–અગંભીર વાતો છે. ક્યાંક માંડીને ક્યાંક....... તમે જાણે સાંભળો છો અને હું જાણે કહું છું..." ('બોલે ઝીણા મોર') આ નિબંધોની લેખનશૈલીમાં આત્મીયતા તમામ સ્તરે પ્રગટતી જણાય છે. કેટલાક વિષયો આપણામાં કુતુહલ પણ જગવે છે. તો 'શાલભંજિકા'ના નિબંધોમાં વિષયવસ્તુનું વૈવિધ્ય ઘણું છે, ક્યાંક કોઈ શિલ્પ, કોઈ કવિતા, વ્યકિત,

સ્થળ–વિશેષ, ફિલ્મ કે પછી કોઈ એક વિચારની પ્રસ્તુતિ આ નિબંધોમાં છે. પ્રેમ–પીડા–વિરહ–પ્રતીક્ષા–સૌંદર્ય–શ્રદ્ધાના વિષયો પણ અહીં આવરી લેવાયા છે. આપણા જીવનમાંથી ઉડી ગયેલા હાસ્યની વાતને લઈને 'રામલીલા' સામાન્ય પ્રકારનો નિબંધ બની રહે છે. તો 'લાસવેગાસમાં યુધિષ્ઠિર' એ નિંબધમાં એક વખત નહીં, અઢાર અઢાર વખત સતત હારવા છતાં યુધિષ્ઠિરે કેમ પાસાં ફેકયાં તે સમજાય છે. આ બધા જ નિબંધોમાં ભોળાભાઈની ઉપસતી છબી આપણને આશ્ચર્ય અને આનંદનો અનુભવ કરાવે છે.

આ ઉપરાંત 'ચૈતર ચમકે ચાંદની' , 'દશ્યાવલી' અને 'યુરોપ અનુભવ' (ભ્રમણવૃત્ત) ના નિબંધોમાં લેખકની અતિ કેળવાયેલી દષ્ટિના આપણને દર્શન થાય છે. 'ચૈતર ચમકે ચાંદની'ના સાડત્રીસ નિબંધોમાં ફૂલ, ટાપુ, ઈશ્વર, યાત્રા, પંખીઓ, સ્થળો વિષયક નિબંધો સંગ્રહાયા છે તો 'દશ્યાવલી'માં કુમાઉ, બ્રહ્મદેશ, ચંદનનગર, કોપાઈ, શ્યામલી, અસમ, દિલ્હી, ચંદ્રાવતીના ખંડેરોમાં જેવા સ્થળોના નિબંધોમાં ભોળાભાઈનું સૌદર્ય ભ્રમણ એમની કલમે ટપકે છે.

આમ, ભોળાભાઈની સૌંદર્યદષ્ટિના દર્શન એમના આ નિબંધોમાં થતાં રહે છે. સ્થળો, વ્યકિતઓ, કલા–સ્થાપત્ય, પ્રકૃતિના આંખો દેખા હાલ આ નિબંધો આપે છે. એમાં ઝિલાયેલું સૌંદર્યદર્શન, પરિવેશ, રિવાજો, પ્રકૃતિ–સંસ્કૃતિ આપણને નવા લોકમાં વિહાર કરાવી જાય છે. માદામ દ સેવેનાએ મોન્ટેઈન માટે કહેલું વિધાન અને 'વિદિશા' માટે ડૉ. દર્શના ધોળકિયાએ વાપરેલું વિધાન ભોળાભાઈના નિબંધકાર તરીકેના પ્રદાનને સમગ્ર રીતે લાગુ પાડતાં કહેવાનું મન થાય કે, “Ah Charming man, what good Company he is !”

————————————————————————

## પાદટીપ

૧ ભોળાભાઈ પટેલઃ સર્જક અને વિવેચક, ''સૌંદર્યસ્ત્રોત 'વિદિશા' અને રસદર્શન', દર્શના ધોળકિયા, પૃ.૨૫

## સંદર્ભગ્રંથ


- ✓ 'ભોળાભાઈ પટેલઃ સર્જક અને વિવેચક', સંપા.ચૌધરી, રઘુવીર અને વીરેન્દ્રનારાયણ સિંહ, રંગદ્વાર પ્રકાશન, અમદાવાદ. પ્ર.આ.૧૯૯૫
- ✓ 'હિમાલયની સૌંદર્યશ્રી', પટેલ, મેહુલ, પ્રકા.પોતે, પ્ર.આ.૨૦૧૬
- ✓ 'અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'(આધુનિક અને અનુઆધુનિક), બ્રહ્મભટ્ટ, પ્રસાદ, પાર્શ્વ પબ્લિકેશન્સ, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૮
- ✓ 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ'(અર્વાચીન-આધુનિકયુગ), પટેલ, બહેરભાઇ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણબોર્ડ, અમદાવાદ, પ્ર.આ.૨૦૧૭
- ✓ 'ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ' ગ્રંથ-૭ (સ્વાતંત્ર્યોતર યુગ-૧), ગુજરાતી સાહિત્ય પરિષદ , અમદાવાદ, પ્ર.આ.૨૦૧૫


## ભોળાભાઈ પટેલના નિબંધસંગ્રહો (સાલવારી મુજબ)

- ✓ 'વિદિશા', પ્ર.આ. જુલાઈ–૧૯૮૦
- ✓ 'પૂર્વોત્તર', પ્ર.આ. ૧૯૮૧
- ✓ 'કાંચનજંઘા', પ્ર.આ. ૧૯૮૫, દ્વિ.આ.ફેબ્રુઆરી–૨૦૦૮
- ✓ 'રાધે તારા ડુંગરિયા પર', પ્ર.આ. જુલાઈ–૧૯૮૭
- ✓ 'દેવોની ઘાટી', પ્ર.આ. જુન–૧૯૮૯
- ✓ 'દેવતાત્મા હિમાલય', પ્ર.આ.જાન્યુઆરી– ૧૯૯૦
- ✓ 'બોલે ઝીણા મોર', પ્ર.આ.૧૯૯૨
- ✓ 'શાલભંજિકા', પ્ર.આ.૧૯૯૨
- ✓ 'ચૈતર ચમકે ચાંદની', પ્ર.આ. જુલાઈ–૧૯૯૬
- ✓ 'દશ્યાવલી', પ્ર.આ. ઓકટોબર–૨૦૦૦
- ✓ 'યુરોપ અનુભવ', પ્ર.આ. ૨૦૦૪

(ઉપરોકત તમામ પ્રકાશનો આર.આર.શેઠની કંપની, અમદાવાદના છે.)